તા.૧-૪-૨૦૧૭ થી નવા મોટર વાહન વેરાના દરની અમલવારી કરવા બાબત.

ક્રમાંક :ટેક્ષ/ એપ્રિલ-૧૭ થી નવા મોવાવે/દરની અમલવારી/ ૨૦૦૬
વાહનવ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી, બ્લોક નં.-૬, ૨/૩ માળ,
ડૉ. જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર, ગુજરાત રાજય,
તારીખ.૧-૪-૨૦૧૭.

E 1 APR 2017

-: પરિપત્ર :-

વંચાણે લીધા:-

(૧) બંદરો અને વ્યવહાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક-પીટી-૨૦૧૭ ૪-એમવીડી-૨૦૧૭-૬૯૯, તા.૩૧-૩-૨૦૧૭.
(૨) બંદરો અને વ્યવહાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક-પીટી-૨૦૧૭ ૫-એમવીડી-૨૦૧૭-૬૯૯, તા.૩૧-૩-૨૦૧૭.
(૩) બંદરો અને વ્યવહાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક-પીટી-૨૦૧૭ ૬-એમવીડી-૨૦૧૭-૬૯૯, તા.૩૧-૩-૨૦૧૭.
(૪) બંદરો અને વ્યવહાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક-પીટી-૨૦૧૭ ૭-એમવીડી-૨૦૧૭-૬૯૯, તા.૩૧-૩-૨૦૧૭.

આથી ક્ષૈત્રિય તમામ કચેરીઓને જણાવવામાં આવે છે કે, સરકારશ્રીના વંચાણે લીધા જાહેરનામાઓથી મોટર વાહન વેરાના અલગ અલગ પ્રકારના વાહનોમાં સરળીકરણ કરવાના ભાગરૂપે મોટર વાહનના દરમાં ફેરફાર કરેલ છે જે જાહેરનામાની નકલ આ સાથે મોકલી આપવામાં આવે છે. આ જાહેરાનામાઓની અમલવારી તા.૧-૪-૨૦૧૭ થી કરવાની થાય છે. આ અમલીકરણ માટેની સૂચનાઓ નીચે પ્રમાણે છે.

:એ: ૭૫૦૦ કી.ગ્રા.થી વધુ ગ્રોસ વાહન વજન ધરાવતા માલવાહક વાહનો

તા.૧-૪-૨૦૧૭ ના રોજ કે ત્યારબાદ રજીસ્ટર થતા આવા વાહનોમા વેરાનો દર તેની વેચાણ કીંમતમાં ૬ ટકા લમસમ કરવામાં આવેલ છે.

:બી: પ્રાઈવેટ સર્વિસ વાહનો.

તા.૧-૪-૨૦૧૭ ના રોજ કે ત્યારબાદ રજીસ્ટર થતા આવા વાહનોમા વેરાનો દર તેની વેચાણ કીંમતમાં ૮ ટકા લમસમ કરવામાં આવેલ છે.

:સી: શૈક્ષણિક સંસ્થાઓની માલીકીના પ્રાઈવેટ સર્વિસ વાહનો (સ્કુલ બસ)

તા.૧-૪-૨૦૧૭ ના રોજ કે ત્યારબાદ રજીસ્ટર થતા આવા વાહનોમા વેરાનો દર તેની વેચાણ કીંમતમાં ૩.૫ ટકા લમસમ કરવામાં આવેલ છે.

:ડી: સ્ટેજ કેરેજ બસો.

તા.૧-૪-૨૦૧૭ ના રોજ કે ત્યારબાદ રજીસ્ટર થતા આવા વાહનોમા વેરાનો દર તેની વેચાણ કીંમતમાં ૨ ટકા લમસમ કરવામાં આવેલ છે.

:ઈ: મેકસીકેબ એટલે જેની બેઠક ક્ષમતા ડ્રાઈવર સિવાય ૬ થી વધુ પરંતુ ૧૨ સુધીની હોય તેવું મુસાફરો માટે વપરાતુ વાહન.

(૧) ડ્રાઈવર સિવાય ૭ અને ૮ બેઠક ક્ષમતા વાળી મેકસી કેબોના વેરાના દર તેની વેચાણ કીંમતના ૮ ટકા લમસમ રાખવામાં આવેલ છે.

(૨) ડ્રાઈવર સિવાય ૯,૧૦,૧૧,૧૨ બેઠક ક્ષમતાવાળી મેકસી કેબો માટે વેરાના દર તેની વેચાણ કીંમતના ૧૨ ટકા લમસમ રાખવામાં આવેલ છે.

તા.૧-૪-૨૦૧૭ બાદ નોંધાનાર મેકસી કેબોમાં સામાન્ય અને લકઝરીના કારણે થતા વેરાના તફાવત દુર કરવામાં આવ્યા છે.

:એફ: ૭.૫ ટન સુધીના કન્સ્ટ્રકશન ઈકવીપમેન્ટ તથા ખેતી સિવાયના હેતુ માટેના ટ્રેકટરો

તા.૧-૪-૨૦૧૭ ના રોજ કે ત્યારબાદ રજીસ્ટર થતા આવા વાહનોમા વેરાનો દર તેની વેચાણ કીંમતમાં ૩ ટકા લમસમ કરવામાં આવેલ છે.

:જી: ઉપરના વાહનો પૈકી જુના વાહનો એટલે કે તા.૧-૪-૨૦૧૭ પહેલાં રજીસ્ટર થયેલા વાહનો પર વેરાનું એક સાથે ભારણ ના આવે તે હેતુથી હાલની પધ્ધતિ પ્રમાણે રીકરીંગ વેરો ભરી શકાશે. વિકલ્પે ફકત લમસમ વેરો પણ ભરી શકાશે. વૈકલ્પિક લમસમ વેરાના દર ઉપરોકત જણાવ્યા પ્રમાણેના રહેશે. વાહનનો માસિક લમસમ વેરો ભરવાનો વિકલ્પ સ્વીકારે ત્યારે તેને તેના વાહનની ઉંમરના પ્રમાણમાં વેરો બાદ આપવામાંઆવશે.

બાદ આપવાની પધ્ધતિ નીચે પ્રમાણે છે.

૧ વર્ષથી ઓછુ જુનુ હોય તો ૧૦૦ ટકા વેરો
૧ વર્ષ જુનુ હોય તો ૯૫ ટકા ટેક્ષ લેવામાં આવશે.
૨ વર્ષ જુનુ હોય તો ૯૦ ટકા ટેક્ષ લેવામાં આવશે
૩ વર્ષ જુનુ હોય તો ૮૫ ટકા ટેક્ષ લેવામાં આવશે
૪ વર્ષ જુનુ હોય તો ૮૦ટકા ટેક્ષ લેવામાં આવશે
૫ વર્ષ જુનુ હોય તો ૭૫ ટકા ટેક્ષ લેવામાં આવશે
૬ વર્ષ જુનુ હોય તો ૭૦ ટકા ટેક્ષ લેવામાં આવશે
૭ વર્ષ જુનુ હોય તો ૬૫ ટકા ટેક્ષ લેવામાં આવશે
૮ વર્ષ જુનુ હોય તો ૫૫ ટકા ટેક્ષ લેવામાં આવશે
૯ વર્ષ જુનુ હોય તો ૪૫ ટકા ટેક્ષ લેવામાં આવશે
૧૦ વર્ષ કે તેથી વધુ જુનુ હોય તો ૩૫ ટકા ટેક્ષ લેવામાં આવશે

ઉદાહરણ:-

ધારો કે ૨૫ ટન વજનનો એક ટ્રક ૧૦ વર્ષ જુનો છે. તેની જે તે વખતની વેચાણ કીંમત રૂા.૧૮ લાખ હતી. તો આ વાહન પર ઉચ્ચક રીતે વેરો ભરવા રૂા.૧૮ લાખના ૬ ટકા લેખે વેરો ગણી જે રકમ આવે તેના ૩૫ ટકા વેરો લેવાનો થશે. આ રકમ રૂા.૩૭,૫૦૦/- થશે. જો આ વાહન પર રીકરીંગ વેરો ભરવાનું ચાલુ રાખવામાં આવે તો તેનો વેરો પ્રતિ ટન રૂા.૮૦૦/- ના પ્રવર્તમાન દર લેખે રૂા.૨૦,૦૦૦/- પ્રતિ વર્ષ થાય. વાહન ૧૫ વર્ષ હયાત રહે તેમ ગણતરી કરીએ તો આ વાહનમાં રૂા.૧,૦૦,૦૦૦/- જેટલો વેરો ભરવો પડે તેના બદલે રૂા.૩૭,૫૦૦/- વેરો ઉચ્ચક ભરીને આ વાહનના માલીક વેરો ભરવાની પ્રક્રીયામાંથી મુકત થઈ જશે.

:એચ: ખેતી વિષયક ટ્રેકટર.

આવા વાહનોમા વેરાનો દર તેની વેચાણ કીંમતમાં ૩ ટકા લમસમ કરવામાં આવેલ છે.

:આઈ: આ ઉપરાંત સરળીકરણ માટે નીચેના કેટલાક સુધારા સમાવી લેવાનું પણ વિચારવામાં આવ્યું છે.

(૧) હાલ રીકરીંગ વેરો લાગુ પડતો હોય તેવું વાહન મહીનાની કોઈપણ તારીખેરજીસ્ટર થાય તો તે વાહન પાસેથી પુરા મહિનાનો વેરો વસુલ કરવામાં આવે છે. આ પધ્ધતિમાં સુધારો કરી મહિનાની ૧૫ તારીખ બાદ નવા રજીસ્ટર થતાં વાહનો વાહન જે દિવસે રજીસ્ટર થાય તે દિવસથી મહિનાની અંતિમ તારીખ સુધીનોજ વેરો વસુલ કરવાનો રહેશે.

ઉદાહરણ:-

(અ) ધારો કે, એપ્રિલ મહિનામાં કોન્ટ્રાકટ કેરેજ બસ મહિનાની ૨૫ મી તારીખે રજીસ્ટર થવા આવે છે તો તેનો માત્ર ૫ દિવસનો વેરો વસુલવામાં આવશે.પરંતુ આ બસ મહિનાના ૧૫ માં દિવસે કે, ૧૫ માં દિવસ પહેલાં રજીસ્ટર થાય તો, આખા મહિનાનો વેરો ભરવાનો થશે. દિવસનો વેરો મેળવવા વાર્ષિક વેરાનો ૧૨ મો ભાગ મેળવી તેને મહિનાના દિવસોથી ભાગવાથી એક દિવસનો વેરો મળશે.

(બ) ધારો કે, એપ્રિલ મહિનામાં ગુડઝ વાહન જો મહિનાના ૧૫ માં દિવસે કે, ૧૫ માં દિવસ પહેલાં રજીસ્ટર થાય તો, આખા મહિનાનો વેરો ભરવાનો થશે. પરંતુ જો આ વાહન ૨૫ મી તારીખે રજીસ્ટર થવા આવે છે તો તેનો માત્ર ૫ દિવસનો વેરો વસુલવામાં આવશે.

ત્યારબાદના મહિના એટલે કે, મે માસથી આવતા વર્ષની ૩૧ મી માર્ચ સુધી વેરો એકી સાથે ભરી દેવાનો રહેશે.

દિવસનો વેરો મેળવવા વાર્ષિક વેરાનો ૧૨ મો ભાગ મેળવી તેને મહિનાના દિવસોથી ભાગવાથી એક દિવસનો વેરો મળશે.

(૨) ગુજરાત મોટર વાહન વેરા અધિનિયમ,૧૯૫૮ ની કલમ-૧૯ માં આ કાયદાની કલમ-૩ નો ભંગ કરવાની બાબતે એટલેકે, કરચોરી બાબતે છ મહિનાની કેદ અને બાકી રકમના બમણા જેટલા દંડની જોગવાઈ કરવામાં આવી છે. અહીં દંડ અને કેદની સજા એમ બંને જોગવાઈ હતી. તેની જગ્યાએ કલમમાં પણ "બાકી વેરાની રકમના બમણા જેટલો દંડ અથવા છ મહિનાની કેદ અથવા બંનેની" જોગવાઈ કરવામાં આવેલ છે.

:જે: વિશેષ સૂચનાઓ.

(૧) કીંમતની વ્યાખ્યામાં કોઈ ફેરફાર નથી.

(૨) તા.૧-૪-૨૦૧૭ ના રોજ કે ત્યારબાદ રજીસ્ટર થતાં વાહનોમાં જયારે ચેસીસ પર અલગથી બોડી બાંધવામાં આવેલ હોય ત્યારે ઈનવોઈસમાં દર્શાવેલ ચેસીસની કીંમત લક્ષમાં લેવી. અથવા જયારે ડીલર અથવા મેન્યુફેકચરર ધ્વારા કમ્પ્લીટલી બીલ્ટઅપ બોડી વેચાઈ હોય ત્યારે તેની ઈન્વોઈસમાં દર્શાવેલ હોય કીંમત લક્ષમાં લેવાની જોગવાઈ કાયમ રાખેલ છે. (વંચાણે લીધા-૧ અને ૩ નું સ્પષ્ટીકરણ)

(૩) ટ્રેકટર ટ્રેઈલર કોમ્બીનેશન અથવા આર્ટીકયુલેટેડ ટ્રેઈલરમાં ટ્રેકટર અને ટ્રેઈલરની કીંમતનો સરવાળો અથવા આર્ટીકયુલેટેડ ટ્રેઈલરના કેસમાં સેમી ટ્રેઈલર તથા પ્રાઈમ મુવરની કીંમતનો સરવાળો લક્ષમાં લેવાની જોગવાઈ કાયમ રાખી છે. (વંચાણે લીધા-૧ અને ૩ નું સ્પષ્ટીકરણ)

(૪) જુના વાહનમાં કીંમત નકકી કરવાની પધ્ધતિ યથાવત રાખેલ છે.

ઉપરોકત સૂચનાઓનો ચૂસ્તપણે અમલ કરવા જણાવવામાં આવે છે.

નોંધ પર કમિશ્નરશ્રીની મંજુરી મુજબ.

ખાસ ફરજ પરના અધિકારી
વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી
ગુજરાત રાજય,ગાંધીનગર.

પ્ર તિ,

(૧) તમામ સહાયક/પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી/ તમામ પ્રાદેશિક/ સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી.

(૨) મોટર વાહન નિરીક્ષકશ્રીની કચેરી / ચેકપોસ્ટ તમામ.

<u>નકલ જાણ સારુ સવિનય રવાના</u> :- પ્ર તિ,

(૧) માન. અગ્ર સચિવશ્રી, (વાહન વ્યવહાર) ના અંગત સચિવશ્રીને જાણ સારુ તથા માન.અગ્ર સચિવશ્રીના માયાળુ ધ્યાને મુકવા વિનંતી સહ- ૨ જો માળ, બ્લોક નં.૨, સચિવાલય, ગાંધીનગર.